For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ભરબપોરે અચાનક જ પાવર સપ્લાય બંધ થઇ જતાં

અનેક ઘરોમાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણ ફૂંકાયાં

સુરત રેલવે સ્ટેશન પર ટ્રેનો અટકી, સુમુલ ડેરીમાં જનરેટર ચાલુ કરવું પડ્યું

પાવર પુન:સ્થાપિત થવામાં 5 કલાકથી વધુનો સમય લાગ્યો

સાપુતારાની રાઇડ્સ અને ડાંગ દરબાર બંધ થઇ ગયો

સુરત : આજે સુરત સહિત દક્ષિણ ગુજરાતના લોકો 40 ડિગ્રીની ગરમીથી રાહત મેળવવાની કોશિશ કરી રહ્યા હતાં ત્યારે અચાનક જ પાવર સપ્લાય બંધ થઇ જતાં લોકો આકરા તાપમાં રીતસરના શેકાઇ ગયા હતાં. શરઆતમાં તો ચોક્કસ વિસ્તારોમાં જ વીજળી ડૂલ થઇ હોવાનું લોકો સમજ્યા હતા પરંતુ પાછળથી જાણકારી મળી હતી કે, સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આ સ્થિતિનું સર્જન થયું છે. ગરમીનો આ કપરો સમય તો લોકોએ જેમ તેમ પસાર કરી લીધો હતો પરંતુ અચાનક પાવર જવાના કારણે તેમજ ભરબપોરે વારંવાર પાવરનો સપ્લાય વધઘટ થતો હોવાના લીધે લોકો ગભરાયા હતા અને સોશિયલ મીડિયામાં ટીવી, ફ્રિજ

...અનુસંધાન પાના ૯ પર

■ ઈલેક્ટ્રીક પાવરની ઝટકા લાગવાથી દુકાનમાં રિપેરિંગ કરવા માટે લાઈન લાગી હતી.

■ વીજપૂરવઠો બંધ થઈ જતાં પેટ્રોલ પંપ પર લાંબી લાઈન જોવા મળી હતી. (તસવીરઃ હેમંત ડેરે)

બુધવાર જેવી વીજ કટોકટી વર્ષ 2022 માં પણ ઉનાળા ની સિઝનમાં થઈ હતી

આજે બપોરે 03.41 કલાકથી 05.20 કલાક સુધી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વીજ પુરવઠો બંધ થયો હતો. ભૂતકાળમાં વર્ષ 2022 માં ઉનાળુ સિઝનમાં ગ્રીડ લાઇનમાં ફોલ્ટ થતા રાતે સાડા ચાર કલાક અંધારપટ છવાયો હતો. છેક હજીરા ઔદ્યોગિક વિસ્તારમાં પણ પુરવઠો ખોરવાયો હતો.આજે પણ સુરતની તમામ જીઆઈડીસીઓ,હજીરા ઔદ્યોગિક વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.સુમુલ ડેરીએ દૂધ અને દૂધ પ્રોડક્ટની ગુણવત્તા જાળવવા પોણા ત્રણ કલાક હેવી જનરેટર સેટ ચાલુ કરી ડેરી પ્લાન્ટને પાવર સપ્લાય આપ્યો હતો.

ભરૂચ સહિતનાં સ્ટેશને વીજ કાપને કારણે 7 ટ્રેન થોભી

બાંદ્રા-દિલ્હી સરાઈ રોહિલા (21 મિનિટ), ગરીબ રથ (26 મિનિટ), કર્ણાવતી (11 મિનિટ), બાંદ્રા-બિકાનેર (એક કલાક), પશ્ચિમ એક્સપ્રેસ (23 મિનિટ), ઉધના-દાનાપુર (14 મિનિટ), હાવડા (20 મિનિટ)

વીજળી ઠપ થતાં જનજીવન પર શું અસર પડી?

- સુરતના ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગો વીજળી વિના ઠપ થઈ ગયા, અને કરોડોનું નુકસાન થયું.
- મધ્યમ અને નાના ઉદ્યોગો પાવર બેકઅપ વિના મૂંઝવણમાં મુકાયા.
- સુપરમાર્કેટ, બેંકો અને ATM બંધ થઈ ગયા.
- સુરત રેલવે સ્ટેશન અને અન્ય સ્થળોએ ટ્રેનો અટકી ગઈ.
- ટ્રાફિક સિગ્નલો બંધ થતા રસ્તાઓ પર ભારે અવ્યવસ્થા.
- વીજળીના અભાવે ઈન્ટરનેટ અને મોબાઈલ નેટવર્ક બંધ થઈ ગયા.
- ડિજિટલ પેમેન્ટમાં વિલંબ, UPI ટ્રાન્ઝેક્શન અટક્યાં

આગામી ભવિષ્ય માટે શું સાવચેતી રાખવી જરૂરી?

વિજ તંત્રના નિષ્ણાતો મુજબ, આવનારા સમયમાં ગ્રિડ સ્ટેબિલિટી વધારવા અને વિશેષ પ્રોટેક્શન સિસ્ટમ સ્થાપિત કરવાની જરૂર છે. ઉપરાંત, મોટા ઉદ્યોગો અને હોસ્પિટલ્સ માટે બેકઅપ પાવર સિસ્ટમ અનિવાર્ય બની ગઈ છે. આવી પરિસ્થિતિ ફરી સર્જાઈ નહીં એ માટે વીજ તંત્ર દ્વારા વિશેષ સ્ટડીઝ હાથ ધરાઈ રહી છે.

ટોરેન્ટ પાવરની ઓફિસે લોકોએ હોબાળો કર્યો

આકરી ગરમીમાં પાવર સપ્લાય બંધ થઇ જતાં લોકોએ ટોરેન્ટ પાવરની ઓફિસે જઇને હોબાળો કર્યો હતો. જો કે, આ અંગે ટોરેન્ટ તરફથી કોઇ ખુલાસો કરવામાં આવ્યો ન હતો સુરત ટોરેન્ટ પાવરના એજીએમ(આસિસ્ટન્ટ જનરલ મેનેજર) યુ.એસ.કાનાણીએ જણાવ્યું કે સુરત

...અનુસંધાન પાના ૯ પર

ડીજીવીસીએલના કંટ્રોલ રૂમે ફોન ઉપાડવાના બંધ કરી દીધા

વીજળી પુરવઠો ક્યારે ચાલુ થશે એ અંગે સ્પષ્ટ માહિતી ન મળતા રોષે ભરાયેલા લોકો ખાનગી વીજકંપનીની ઓફિસે ભેગા થયા અને હોબાળો કર્યો હતો. બીજી બાજુ ડીજીવીસીએલના કંટ્રોલરૂમમાં પણ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. લોકોને બેંકનાં કામકાજ, ATM ટ્રાન્ઝેક્શન, અને દૈનિક વ્યવસાયમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.



અહીં સૌથી પહેલા પાવર શરૂ કરાય છે

- રેલવે, બસ ડેપો, ડેરીઓ
- સરકારી અને ખાનગી હોસ્પિટલ
- ડેરીઓ અને અણુ વીજ મથક
- સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ
- અખબારી કચેરીઓ, ખેતી
- ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાનો

દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં અસર

જિલ્લો	પાવર ગયો	પાવર આવ્યો
નવસારી	3:00	5:30
ડાંગ	2:57	5:30
વાપી	3:50	4:20
તાપી	3:45	5:00
ભરૂચ	3:45	5:00

(વલસાડમાં અસર નહીં હતી)

મનપાનો પાણી સપ્લાય બંધ થતાં 25 લાખ વસ્તીને અસર

સુરતઃ ઉકાઈ ટીપીએસના 4 યુનિટ ટ્રીપ થતાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના વીજ પુરવઠાને અસર થઈ હતી. વીજ ફોલ્ટ થવાને કારણે આજે (12મી માર્ચ, 2025) 03.45 વાગ્યાની આસપાસ સુરત સહિતના દક્ષિણ ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં વીજળી ગુલ થઈ હતી. વીજ સપ્લાય અટકી જવાથી સુરત મહાનગરપાલિકાના પાણી સપ્લાય પર પણ સીધી અસર થઈ હતી. એકાએક વીજ પુરવઠો ખોટકાતા લોકો ગરમીમાં બેહાલ થયા હતા. જેમાં પણ સાંજે પાણી સપ્લાય આપવાના સમયે પાવર જતાં

...અનુસંધાન પાના ૯ પર

ક્યા ઝોનના ક્યા વિસ્તારમાં કેટલી વસ્તીને અસર

(1) સેન્ટ્રલ ઝોનઃ ઉત્તર વિભાગ 3.5 લાખ વસ્તી
(2) કતારગામઃ (ફુલપાડા, અશ્વનિકુમાર, વેડ રોડ વગેરે વિસ્તાર) 3 લાખ વસ્તી
(3) કનકપુર કનસાડ સાઉથ ઝોન બીઃ (ઉન ગામતળ, ઉન ગભેણી ગામતળ વગેરે વિસ્તાર) 1.2 લાખ વસ્તી
(4) અઠવા ઝોનઃ (ભીમરાડ, અલથાણ, વેસુ વગેરે વિસ્તાર) 3.5 લાખ વસ્તી
(5) રાંદેર ઝોનઃ (પાલ, પાલનપુર, જહાંગીરપુરા, રાંદેર વગેરે વિસ્તાર) 6 લાખ વસ્તી
(6) સાઉથ ઝોન એઃ (ઉધના ચીકુવાડી, બમરોલી, ગોવાલક, ભેસ્તાન પૂર્વ વગેરે વિસ્તાર) 2.5 લાખ વસ્તી
(7) ન્યૂ નોર્થ ઝોન કતારગામઃ (મોટા વરાછા, અમરોલી, કોસાડ, ઉત્રાણ, વરિયાવ વગેરે વિસ્તાર) 2 લાખ વસ્તી
(8) વરાછા એઃ (પુણા, મગોબ) 1 લાખ વસ્તી
(9) લિંબાયતઃ (મગોબ, ભાઠેના, પરવત, ગોડાદરા) 3 લાખ વસ્તી

વીજ ફોલ્ટ થતાં મુગલીસરામાં બિલ્ડિંગની લિફ્ટ ખોટકાઈ, કિશોરી ફસાઈ

સુરતઃ વીજ ફોલ્ટ થવાને કારણે મુગલીસરા દેરાસર ખાતે ચાર માળના મારીયા પેલેસમાં 13 વર્ષીય આરીબા એલ્બટ વિલિયમ લિફ્ટ ફસાઈ ગઈ હતી. તેને બચાવી લેવાઈ હતી.

હીરા ઉદ્યોગને રાહત પેકેજ આપવા સીએમ ભૂપેન્દ્ર પટેલે કમિટી બનાવી

આગામી 15 દિવસની અંદર કમિટીના રિપોર્ટના આધારે સરકાર પેકેજની જાહેરાત કરી શકે છે

કમિટીના સભ્યો

મંત્રી બલવંતસિંહ રાજપૂત
ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી
રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા
સીએમના અધિક સચિવ દાસ

ગાંધીનગર : ગઈકાલે સુરતના હીરા ઉદ્યોગના અગ્રણીઓએ સીએમ ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરી હતી. જેના પગલે આજે સીએમ ભૂપેન્દ્ર પટેલે ચાર સભ્યોની બનેલી એક કમિટીની રચના કરવાની જાહેરાત કરી છે. રાજ્યના ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત , ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી , રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા અને મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ કે દાસનો આ કમિટીમાં સમાવેશ કરાયો છે. આ કમિટી હીરા ઉદ્યોગના અગ્રણીઓ સાથે બેઠક કરીને હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા રત્ન કલાકારોને કેવી

...અનુસંધાન પાના ૯ પર

મુખ્યમંત્રીના આદેશ પછી કલેક્ટરે સ્ટેક હોલ્ડર્સ સાથે બેઠક યોજી

બેરોજગાર રત્નકલાકારોના પરિવારોને બે ટંકનું ભોજન, બાળકોની સ્કૂલ ફી અને આવાસનાં ભાડાં માટેની તાત્કાલિક રાહત જાહેર કરો: ડાયમંડ વર્કર યુનિયન

સુરતઃ છેલ્લાં બે વર્ષથી હીરા ઉદ્યોગમાં ઊભી થયેલી મંદીની પરિસ્થિતિ વચ્ચે બેરોજગાર રત્નકલાકારોના પરિવાર દ્વારા સામૂહિક આપઘાતના બનાવ પછી રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રનું પેટનું પાણી હાલ્યું છે. મંદી અને બેરોજગારીની આગ સુરતથી આગળ વધી અમદાવાદ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓ સુધી પહોંચતાં ગુપ્તચર એજન્સીઓએ આપેલા ફિડબેક પછી ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓલ ગુજરાત ડાયમંડ એસોસિએશનના નેજા હેઠળ રાજ્યના હીરા ઉદ્યોગનાં 11 સંગઠનના પ્રમુખોને ગાંધીનગર તેડાવ્યા હતા. આ બેઠકમાં મુખ્યમંત્રીએ બે દિવસમાં એક્શન

...અનુસંધાન પાના ૯ પર

બેઠકમાં આ મુદ્દાઓને લઈ ચર્ચા-વિચારણા થઈ

- રત્નકલાકારો માટે રત્નકલાકાર કલ્યાણ બોર્ડની સ્થાપના કરવામાં આવે.
- બાળકોને શિક્ષણની ફી અને કારીગરોનાં આવાસ ભાડાં મુદ્દે સરકાર મદદરૂપ થાય તેવી માંગ.
- વ્યવસાય વેરો તાત્કાલિક નાબૂદ કરવામાં આવે.
- કારીગરોનો પગાર 30થી 50 ઘટી ગયો છે. એ ઉદ્યોગકારોનાં સંગઠનોને બોલાવી રેગ્યુલર કરવામાં આવે.
- વધતી મોંઘવારી મુજબ દર વર્ષે પગાર મામલે કલેક્ટર, લેબર વિભાગ, ફેક્ટરી વિભાગ, પીએફ ઇએસઆઈ સહિતના વિભાગો અને સ્ટેક હોલ્ડરોની બેઠક બોલાવી ઉદ્યોગમાં જોબ સિક્યોરિટીની ભાવના ઊભી કરે. જેથી કારીગરો આ ઉદ્યોગમાં જળવાઈ રહે.
- આત્મહત્યા કરનાર 52થી વધુ રત્નકલાકારોના પરિવાર દીઠ 10 લાખની સરકારી સહાય આપવામાં આવે.

કાપોદ્રામાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી શરીર સંબંધ બાંધવાના ગુનામાં આરોપીને 20 વર્ષની સજા

સુરતઃ કાપોદ્રામાં પાડોશમાં રહેતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી શરીર સંબંધ બાંધવાના ગુનામાં કોર્ટે 22 વર્ષીય આરોપીને 20 વર્ષની સજા ફટકારી છે.

મૂળ ભાવનગરનો શ્રમજીવી પરિવાર હાલ કાપોદ્રામાં રહે છે. આ પરિવારની મોટી દીકરી 15 વર્ષની છે. દરમિયાન ઘર નજીક રહેતા એક યુપીવાસી 22 વર્ષીય યુવકે આ સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. સગીર હોવા છતાં યુવકે સગીરાને અલગ અલગ જગ્યાએ ફરવા લઈ ગયો હતો અને શરીર સંબંધ બાંધ્યા હતા. બાદમાં સગીરાને લલચાવી ફોસલાવી પોતાની સાથે ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવતા કાપોદ્રા પોલીસે આરોપી યુવક સામે અપહરણ, બળાત્કાર, પોક્સો સહિતનો ગુનો નોંધ્યો હતો. આ કેસમાં સરકાર તરફે એપીપી મુંજાલ બ્રહ્મભટ્ટે દલીલો કરી હતી. કોર્ટે આરોપી યુવકને કસૂરવાર ઠેરવી 20 વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો. જ્યારે ભોગબનનારને વિક્ટીમ કમ્પસેશન હેઠળ 6 લાખ રૂપિયાનું વળતર પણ આપવા કોર્ટે આદેશ કર્યો હતો.

હેલ્મેટ બાદ હવે સુરત પોલીસ ઓપરેશન રિક્ષા શરૂ કરવાના મૂડમાં

રિક્ષાચાલકો માટે શહેરમાં હવે પાર્કિંગ પ્લેસ ઊભા કરાશે

રસ્તાની વચ્ચો વચ ઊભા રહેનારા રિક્ષાચાલકો પાસેથી આકરી પેનલ્ટી વસૂલાશે

ડમ્પરચાલકો જો શહેરમાં દેખાયા તો માલિક જેલમાં જશે

આવતા સપ્તાહમાં પોલીસ ડમ્પરચાલકો સામે પણ આકરી કાર્યવાહી શરૂ કરશે. તેમાં જો નિયત ટાઇમની બહાર શહેરમાં ડમ્પર દેખાયા તો સીધા ડમ્પરના માલિક સામે ગુનો દાખલ કરવામા આવશે. તેમાં જે રીતે શહેરમા પ્રતિબંધિત સમયમાં ઘૂસીને લોકોની જાનમાલને ડમ્પરચાલકો નુકસાન કરી રહ્યા છે. ત્યારે લાયસન્સ વગરના કે પછી કાયદાની એસી તેસી કરનારા ડ્રાઇવર ઉપરાંત જે તે ટ્રાન્સપોર્ટના માલિક સામે ફોજદારી ગુનો દાખલ કરાશે.

સુરતઃ સુરતમાં હાલમાં ઓટો રિક્ષાની સંખ્યા અંદાજે 70,000 જેટલી છે. શહેરમાં ટ્રાફિક ન્યૂસન્સન ગણાતા ઓટો રિક્ષાચાલકો માટે આખા શહેરમાં હવે પાર્કિંગ પ્લેસ ઉભા કરવામા આવશે. આ પાર્કિંગ સ્પોટ નિયત કરવાની કામગીરી હાલમાં સુરત પોલીસ અને મનપા કરી રહી છે.

પોલીસ કમિશનર ગેહલોતે જણાવ્યું કે જો પાર્કિંગ સ્પોટની બહાર રિક્ષા ગમે તેમ ઉભી હશે તો આકરી કાર્યવાહી કરવામા આવશે. દરમિયાન આવતા થોડા દિવસોમા હેલ્મેટ બાદ હવે રિક્ષાચાલકો સામે પોલીસ આકરી કાર્યવાહી શરૂ કરશે. તેમાં ગમે તેમ લાઉડ સ્પીકરથી મોટા અવાજે ગીતો વગાડનારા તથા ગમે તેમ રિક્ષા હાંકનારાઓનો પોલીસ સીસીટીવી કેમેરાની મદદથી શોધી કાઢશે. જો મુખ્ય માર્ગો પર મુસાફરી લેવા માટે રસ્તાની વચ્ચે વચ કે પછી ચાર રસ્તા પર ઉભેલા દેખાયા તો પોલીસ આકરી પેનલ્ટી લેવા માટે અભિયાન છેડવામા આવશે. તેમાં સ્ટેશન વિસ્તાર, રિંગ રોડ, ભાગળ, પરવત પાટિયા કે પછી લિંબાયત, ઉધના, સચિન માર્ગ પર રિક્ષાચાલકોનો આતંક હોવાની વાત છે.

પોલીસ હવે આ રિક્ષાચાલકોને શોધી શોધીને ઠેકાણે પાડવાના મૂડમાં છે. આ ઉપરાંત રિક્ષાચાલકો સામે જરૂરી જણાયું તો ક્રિમિનલ કેસ પણ દાખલ કરવામા આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે શટલ રિક્ષાના ત્રાસથી વાહનચાલકો કંટાળી ગયા છે. કારણકે તેઓ ગમે ત્યાં રિક્ષા ઊભી કરી દે છે.

શહેરમાં કાળઝાળ ગરમીની વચ્ચે તાપમાનમાં વધુ દોઢ ડિગ્રીનો ઘટાડો

સુરતઃ સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. છતાં દરિયાના ગરમ પવનને લીધે કાળઝાળ ગરમી અનુભવાઈ હતી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન 38.5 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને 24 ડિગ્રી નોંધાયું

...અનુસંધાન પાના ૯ પર

ઢોલીવુડનો એક્ટર દારૂની હેરાફેરી કરતા ઝડપાયો

જય બારૈયા અને તેનો જોડિયોભાઇ વિજય ફિલ્મમાં નુકસાન થતા બુટલેગર બની ગયા

પોલીસે રૂપિયા 2,86,808, જય તેની પત્ની મીનાક્ષી અને ભાઇ વિજય સામે ગુનો નોંધ્યો

સુરતઃ કાપોદ્રા પોલીસે બાતમીના આધારે વિદેશી દારુની હેરાફેરી કરનાર ગુજરાતી ફિલ્મનો એક્ટર-ડિરેક્ટર જય બારૈયાને પત્ની સાથે ઝડપી પાડી રૂ. 2.86 લાખનો વિદેશી દારૂનો જથ્થો કબજે કરી દારૂ, મોપેડ અને બે કાર સહિત રૂ.10.91 લાખનો મુદ્દામાલ તેનો તેનો જુડવા ભાઈ પણ ફિલ્મની દુનિયા સાથે સંકળાયેલો છે અને તે પણ આ દારૂના ધંધામાં ભાગીદાર છે. વરાછા આદર્શ નગરમાં રહેતા વિજય ભાણજીભાઈ બારૈયા તથા જય ઉર્ફે જયલો ભાણજીભાઈ બારૈયા અને તેની પત્ની મીનાક્ષીબેન કાપોદ્રા મુરઘા કેન્દ્ર પાસે આવેલ રવિ પાર્ક સોસાયટીમાં ખુલ્લા પ્લોટમાં કારમાં ડુપ્લિકેટ નંબર પ્લેટ લગાવી વિદેશી દારૂની બોટલો કારના દરવાજામાં ચોરખાનામાં મૂકી ટુ-વ્હીલરમાં દારૂના વેચાણ માટે હેરાફેરી કરી દારૂનો ધંધો કરે છે. તેથી પોલીસે ઉપરોક્ત સ્થળપર રેડ કરી જય ઉર્ફે જ્યલો ભાણજીભાઈ બારૈયા અને તેની પત્ની મીનાક્ષીબેનને પકડી

...અનુસંધાન પાના ૯ પર

'ગેંગ ઓફ સુરત' અને 'અજીબ પ્રેમ છે' જેવી ફિલ્મમાં કામ કર્યું છે

કાપોદ્રા પોલીસે વિદેશી દારૂની હેરાફેરી માં પકડેલા બંને જુડવા ભાઈ જય-વિજયના નામથી ઓળખાય છે જય અને તેનો ભાઈ વિજય બંને જુડવા છે અને ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જય-વિજયના નામથી ઓળખાય છે. આ સાથે જય પણ જય ફિમી એક્ટર અને ડિરેક્ટર તરીકે જાણીતો છે. જયે છેલ્લે અજીબ પ્રેમ છે તેવી એક ગુજરાતી શોર્ટ ફિલ્મમાં ડિસેમ્બર 2023માં એક્ટર તરીકે કામ કર્યું હતું. આ પહેલા ગેંગ ઓફ સુરત સહિતના ફિલ્મોમાં પણ કામ કર્યું છે. અલગ અલગ ગુજરાતી સોંગ અને શોર્ટ ફિલ્મ પણ જય અને તેના ભાઈ વિજયે ડિરેક્ટ કરી છે.

ફિલ્મોમાં એક્ટિંગ અને ડાયરેક્શન કંઈ સરખું ચાલતું ન હતું

પોલીસે આરોપી જય ઉર્ફે જ્યલો બારૈયાની પૂછપરછમાં તેને જણાવ્યું હતું કે, ફિલ્મોમાં એક્ટિંગ અને ડાયરેક્શનમાં ખાસ આવક થતી ન હતી. જેથી તે ગાડી લે-વેચનો વ્યવસાય પણ કરતો હતો. જેમાં એક વર્ષ પહેલા ખોટ જતા તેણે દારૂ વેચવાનું નક્કી કરી પહેલા દમણથી અલગ અલગ વાઇન શોપમાંથી ઈંગ્લીશ દારૂ લઇ આવી છૂટકમાં વેચાણ કરતો હતો. ત્યારબાદ દારૂના વેચાણમાં પત્ની અને નાનો ભાઇ વિજય પણ જોડાયા હતા. ત્રણેય દમણથી અને સેલવાસથી દારૂ લઇ આવી સુરતમાં છૂટક વેચાણ કરતાં હતાં.

જેલમાં રહેવાના કારણે દેવું થઈ ગયું હતું

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે પકડાયેલ દંપત્તી ગુનાહિત ઇતિહાસ ધરાવે છે જેમાં આરોપી જય ઉર્ફે જયલા વિરુદ્ધ સુરત,નવસારી, વલસાડ, સહિત અલગ અલગ પોલીસ મથકોમાં 9 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. આરોપી જયને એક વખત પાસા હેઠળ પણ ધકેલવામાં આવ્યો છે. આ સાથે તેની પત્ની મીનાક્ષીબેન વિરુદ્ધ પણ વલસાડના ડુંગરા પોલીસ મથક અને નવસારી રૂરલ પોલીસ મથકમાં ગુનાઓ નોંધાયેલા છે.અને પાસા થતા ઘણા સમય સુધી જેલમાં રહેવાના કારણે દેવું થઈ ગયું હતું. તેમજ હોળી-ધુળેટીનો તહેવાર નજીક આવતો

...અનુસંધાન પાના ૯ પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦